આજની પ્રાર્થના....

ઉંચા નીચા ભેદ ન જાણું,
સૌને ચાહું સમાન, સૌને
આવું હું ખપમાં મુજ કાયા
વજ સમાન, એવું શરીરનું
બળ આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૭ | ૭ જુલાઈ, ૨૦૨૧, બુધવાર; જયેષ્ઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યપાલો બદલાયા : કાલે મંત્રીઓ બદલાશે

**ચાર રાજ્યોમાં નવા રાજ્યપાલ નિમાયા : જ્યારે ચારની અન્ય રાજ્યોમાં બદલી : ગુજરાતમાં પૂર્વ વનમંત્રી મંગુભાઈ પટેલ મધ્યપ્રદેશના રાજ્યપાલ અને કેન્દ્રીય સમાજકલ્યાણ મંત્રી થાવરચંદ ગેહલોત કર્ણાટકના રાજ્યપાલ પદે નિમાયા**

નવી દિલ્હી, તા. ૬

સાતમી જુલાઈએ મોદી સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થઈ રહ્યું છે તે પહેલા કેટલાક રાજ્યોના ગવર્નરોને બદલવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિના આદેશ અનુસાર, કર્ણાટકના ગવર્નર તરીકે કાર્યરત વજુભાઈ વાળાના સ્થાને થાવરચંદ ગેહલોતને મૂકવામાં આવ્યા છે. વજુભાઈ વાળાને ૨૦૧૪માં કર્ણાટકના ગવર્નર બનાવવામાં આવ્યા હતા. જ્યારે ગુજરાતના આદિવાસી નેતા તેમજ પૂર્વ વનમંત્રી મંગુભાઈ પટેલને મધ્યપ્રદેશના ગવર્નર બનાવાયા છે.

આ ઉપરાંત, હરિબાબુ કમ્ભાપતિને મિઝોરમના ગવર્નર બનાવાયા છે. હાલના મિઝોરમના ગવર્નર પી.એસ. શ્રીધરન પિલ્લાઈની ગોવા ટ્રાન્સફર કરવામાં આવી છે. હરિયાણાના ગવર્નર





સત્યદેવ નારાયણ આર્યને ટ્રાન્સફર કરીને ત્રિપુરા મૂકાયા છે, જ્યારે ત્રિપુરાના ગવર્નર રમેશ બઈસને ઝારખંડ ટ્રાન્સફર કરાયા છે. હિમાચલ પ્રદેશના ગવર્નર બંડારુ દત્તાત્રેયને હરિયાણામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. જ્યારે રાજેન્દ્ર વિશ્વનાથને હિમાચલ પ્રદેશના ગવર્નર બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ચોમાસુ સત્ર શરુ થવાને હવે માત્ર બે સપ્તાહની વાર છે તે પહેલા જ કેન્દ્રિય મંત્રીમંડળમાં વિસ્તરણની જોરદાર અટકળો ચાલી રહી છે. પીએમ મોદી પોતાના મંત્રીમંડળમાં કયા નવા ચહેરાને સ્થાન આપે છે અને કોની બાદબાકી કરે છે તેને લઈને અત્યારથી જ જાતભાતના અંદાજો માંડવામાં આવી રહ્યા છે.

કેટલાક રાજ્યોમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ તેમજ મંત્રીમંડળમાં ખાલી પડેલા પદોને ધ્યાનમાં લઈને આ વિસ્તરણ કરાય તેવી શક્યતા છે. સોમવારે પણ દિલ્હીમાં ૧૭-૨૨ જેટલા નવા ચહેરાઓને મંત્રીમંડળમાં સમાવાય તેવી અટકળો ચાલી રહી હતી. નવા ચહેરામાં થોડા સમય પહેલા ભાજપમાં આવેલા જ્યોતિરાદિત્ય સિંધિયા તેમજ સરબાનંદ સોનોવાલનો સમાવેશ નક્કી મનાઈ રહ્યો છે.

**આવતીકાલે ૨૦ નવા ચહેરાઓ કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કરાશે : જ્યોતિરાજે સિંધિયા, સોનોવાલ, સુશીલ મોદી, નારાયણ રાણે, તિરથ રાવત જેવા વરિષ્ઠ નેતાઓને કેબીનેટ મંત્રી પદ અપાશે : અનેક નેતાઓને દિલ્હીના તેડાંથી રાજકારણ ગરમાયું**

નવી દિલ્હી, તા. ૬

કેન્દ્રીય મંત્રીમંડળનો વિસ્તાર ૮ જુલાઈએ થઈ શકે છે. સૂત્રો









પાસેથી પ્રાપ્ત જાણકારી પ્રમાણે આઠ જુલાઈ એટલે કે ગુરૂવારે મોદી કેબિનેટનો વિસ્તાર કરવામાં આવશે અને માહિતી મળી રહી છે કે ૨૦ નવા ચહેરાના સામેલ કરવામાં આવશે. આ પહેલા આજે કેન્દ્રીય મંત્રી થાવરચંદ ગેહલોતને મંત્રી પદેથી હટાવી રાજ્યપાલ બનાવી દેવામાં આવ્યા છે. તેનાથી સ્પષ્ટ છે કે મંત્રીમંડળના કેટલાક મંત્રીઓને પદ પરથી હટાવવામાં આવી શકે છે. જાણકારી પ્રમાણે કેબિનેટનો વિસ્તાર ૮ જુલાઈ એટલે કે ગુરુવારે સવારે ૧૦.૩૦ કલાકે થઈ શકે છે. આ પહેલા ઘણા નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. આ વચ્ચે અસમના પૂર્વ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ દિલ્હી પહોંચી ગયા છે. તો જ્યોતિરાદિત્ય સિંધિયા પણ દિલ્હી પહોંચવાના છે. દિલ્હી માટે નિકળતા પહેલા સિંધિયાએ ઉજ્જૈનમાં મહાકાલની પૂજા કરી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કેબિનેટમાં સામેલ થનારા નામોમાં જ્યોતિરાદિત્ય સિંધિયા, સર્વાનંદ સોનોવાલ, નારાયણ રાણે, શાંતનુ ઠાકુર, પશુપતિ પારસ, સુશીલ મોદી, રાજીવ રંજન, સંતોષ કુશવાહા, અનુપ્રિયા પટેલ, વરૂણ ગાંધી, પ્રવીણ નિષાદ મુખ્ય રૂપથી સામેલ છે. આ સિવાય કેટલાક મંત્રીઓને કેબિનેટમાંથી હટાવવામાં આવી શકે છે.

## કોંગ્રેસમાં ફેરફારના ભણકારા

ન્યુ દિલ્હી,તા.૬

કોંગ્રેસમાં આગામી દિવસોમાં ધરખમ ફેરફારો થવાની શક્યતા દેખાઈ રહી છે.

પાર્ટીમાં બદલાવ માટે ત્રણ ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાંધી પરિવારની બહારના વ્યક્તિને કોંગ્રેસના અધ્યક્ષ બનાવાઈ શકે છે. બીજી તરફ લોકસભામાં રાહુલ ગાંધી વિપક્ષના નેતા બનવા તૈયાર થઈ શકે છે. બીજી ફોર્મ્યુલાના ભાગરૂપે પાર્ટી સોનિયા ગાંધીને ૨૦૨૪ સુધી અધ્યક્ષ બનવા માટે આગ્રહ કરી શકે છે. અથવા તો ત્રીજી ફોર્મ્યુલા એવી છે કે, રાહુલ ગાંધીને જ પાર્ટીના અધ્યક્ષ બનવા માટે કોંગ્રેસી નેતાઓ દબાણ કરી શકે છે.

## દેશમાં નવા કેસ અને મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો

**બીજી લહેરનો પ્રકોપ શમી રહ્યો છે : ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૪ હજાર કેસ નોંધાયા**

નવી દિલ્હી, તા.૬

દેશમાં હવે કોરોનાના નવા કેસ અને મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી લહેરનો પ્રકોપ શમી રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૪ હજાર કેસ નોંધાયા છે. જ્યારે ૫૫૩ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. ગઈ કાલે જાહેર થયેલા આંકડા મુજબ દેશમાં એક દિવસમાં નવા ૩૯,૭૯૬ કેસ નોંધાયા હતા અને ૭૨૩ દર્દીઓના મોત થયા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૪,૭૦૩ દર્દીઓ નોંધાયા છે. ૧૧૧ દિવસ બાદ આટલા ઓછા કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૩,૦૬,૧૯,૯૩૨ થયો છે. એક દિવસમાં ૫૧,૮૬૪ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૯૭,૫૨,૨૯૪ દર્દીઓ રિકવર થયા છે. જ્યારે ૪,૬૪,૩૫૭ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. કોરોનાથી થતા મૃત્યુમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાથી ૫૫૩ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો હવે ૪,૦૩,૨૮૧ પર પહોંચ્યો છે. દેશમાં કોરોના સામેની લડતમાં સૌથી મહત્વનું હથિયાર રસી છે. હાલ દેશમાં રસીકરણ અભિયાન પણ પૂરજોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં રસીના ૩૫,૭૫,૫૩,૬૧૨ ડોઝ આપવામાં આવ્યા છે.

## જર્મનીએ ૫ દેશોના મુસાફરો પર લગાવેલો પ્રતિબંધ હટાવ્યો

**ભારત-બ્રિટન સહિત ૫ દેશો પર પ્રતિબંધ હતો**

નવી દિલ્હી, તા.૬

જર્મનીએ ભારતને મોટી રાહત આપી છે અને મુસાફરી પર લગાવેલો પ્રતિબંધ હટાવી લીધો છે. જર્મનીએ ભારત ઉપરાંત બ્રિટન, નેપાળ, રશિયા, અને પોર્ટુગલથી આવતા મુસાફરો ઉપરથી પણ પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરી છે.

હવે આ દેશોના મુસાફરો જર્મનીની મુસાફરી કરી શકે છે. અત્રે જણાવવાનું કે આ દેશોમાં કોવિડ-૧૯ના ડેલ્ટા વેરિઅન્ટના કેસ મળી આવ્યા હતા.

રોગ નિયંત્રણ અને રોકથામ માટે જવાબદાર જર્મન ફેડરલ સરકારી એજન્સી રોબર્ટ કોચ ઈન્સ્ટિટ્યૂટે કહ્યું કે ભારત, નેપાળ, રશિયા, પોર્ટુગલ અને યુકેના મુસાફરો પરથી યાત્રા પ્રતિબંધ હટાવવામાં આવ્યો છે. આથી જે લોકો જર્મન નાગરિક કે ત્યાંના રહીશ નથી અને દેશમાં આવવા માંગે છે તેવા લોકોને મુસાફરી કરવી સરળ થશે.

નવા નિયમો મુજબ કોઈ પણ વ્યક્તિને જર્મનીમાં

● અનુસંધાન પાન-૭ પર

## રશિયાની Sputnik-V વેક્સિન પણ સરકાર મફતમાં લગાવશે

**પોલિયો ડ્રોપની જેમ ગામડે ગામડે પહોંચશે : હાલ આ વેક્સિન દેશમાં પ્રાઈવેટ હોસ્પિટલોમાં જ મળી રહી છે પરંતુ ટૂંક સમયમાં સરકારી રસીકરણ કેન્દ્ર પર પણ મળશે : રસીકરણને વેગ મળશે**

પુણે, તા.૬

રશિયામાં બનાવવામાં આવેલ સ્પુતનિક વી, ટૂંક સમયમાં સરકારી રસીકરણ કેન્દ્રોમાં પણ ઉપલબ્ધ થશે. કોવિડ -૧૯ વર્કિંગ ગ્રુપના અધ્યક્ષ ડો. એન.કે.અરોડાએ જણાવ્યું હતું કે આ રસી પણ નિ:શુલ્ક ઉપલબ્ધ કરાશે. ‘‘હાલ, સ્પુતનિક વી ફક્ત ખાનગી ક્ષેત્રમાં જ ઉપલબ્ધ છે. જોકે સપ્લાય આધારીત, અમે તેને અમારા મફત રસીકરણ કાર્યક્રમ હેઠળ લોકોને ઉપલબ્ધ કરાવવા માંગીએ છીએ.

સ્પુતનિક વીને -૧૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં સંગ્રહ કરવી પડે છે. અરોડાએ જણાવ્યું કે પોલિયો રસી સંગ્રહિત કરવા માટે ઉપયોગમાં લેવાતી કોલ્ડ ચેન સુવિધાઓનો ઉપયોગ સ્પુતનિક વી સ્ટોર કરવા માટે કરવામાં આવશે. જેથી એ પણ સુનિશ્ચિત થશે કે આ રસી દેશના ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચે. અરોડાએ કહ્યું કે પોલિયો રસીકરણને કારણે કેટલાક વિસ્તારોમાં હાલ કોવિડ રસીકરણની ગતિ ધીમી પડી છે. તેમણે કહ્યું, કોવિડ રસીકરણ કાર્યક્રમ આવતા સપ્તાહ સુધીમાં સુવ્યવસ્થિત બની જશે.’ તેમણે અમારા

● અનુસંધાન પાન-૭ પર

## વરસાદ ખેંચાતા દેશના ઉત્તરના રાજ્યોમાં હીટવેવ

**યુપી, હરિયાણા, રાજસ્થાન, પંજાબ અને હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ ભારે ગરમીનો અનુભવ**

નવી દિલ્હી, તા. ૬

આ વર્ષે ચોમાસુ નોર્મલ રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી હતી પણ અત્યારે તો ચોમાસાના આગમાનમાં વિલંબ થઈ રહ્યો છે અને તેની જગ્યાએ લાખો લોકો હીટ વેવનો દેશમાં સામનો કરી રહ્યા છે. આ વર્ષે જુલાઈ મહિનામાં ગયા વર્ષ કરતા પણ વધારે ગરમી પડી રહી છે. દેશના ઉત્તરના રાજ્યો ચોમાસામાં વિલંબના કારણે ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે. ૧૩ જૂને હરિયાણા અને પંજાબના કેટલાક વિસ્તારોમાં ચોમાસાનુ આગમન થયુ હતુ પણ એ પછી ચોમાસુ આગળ વધી રહ્યુ નથી. જેના કારણે યુપી, હરિયાણા, રાજસ્થાન, પંજાબ અને હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ ભારે ગરમી પડી રહી છે. ગુજરાતમાં પણ વરસાદના આગમનમાં થઈ રહેલો વિલંબ ચિંતા જનક છે.

યુપીના ફતેગઢમાં ૪૨.૫ ડિગ્રી, ગુરૂગ્રામમાં ૪૧.૮ ડિગ્રી, રાજસ્થાનના ગંગાનગરમાં ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

## ડ્રોન હુમલા રોકવા ભારત ૧૦ એન્ટી ડ્રોન સિસ્ટમ ખરીદશે

નવી દિલ્હી, તા. ૬

ગયા મહિને જમ્મુ એરફોર્સ સ્ટેશન પર થયેલા ડ્રોન એટેક અને એ બાદ સરહદ પારથી અવાર નવાર ડ્રોને દેખા દીધી હોવાથી સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે.

બીજી તરફ આ પ્રકારના હુમલાને રોકવા માટે સરકારે હવે ૧૦ એન્ટી ડ્રોન સિસ્ટમ ખરીદવાનો નિર્ણય લીધો છે. આ માટે સરકારે કંપનીઓ પાસેથી પ્રસ્તાવ મંગાવ્યા છે. એન્ટી ડ્રોન સિસ્ટમ એવી હશે જે ડ્રોનની ભાળ મેળવીને તેને ટ્રેક કરી શકે તેમજ તેનો ખાતમો બોલાવી શકે. આ માટે લેસર ડાયરેક્ટેડ વેપન સિસ્ટમના વિકલ્પને પણ ગણતરીમાં લેવામાં આવશે. એન્ટી ડ્રોન સિસ્ટમનો ફ્લાઈ ઝોનનુ કડકાઈ પૂર્વક પાલન કરાવી શકે તે માટે તેમાં મલ્ટી સેન્સર અને એક સાથે એકથી વધારે ડ્રોનનો નાશ કરી શકે તેવી સજ્જતા હોવી જરૂરી છે. એરફોર્સે કહ્યુ છે કે, એન્ટી ડ્રોન સિસ્ટમ સ્વદેશી વાહનો પર લગાવી શકાય તે જરૂરી છે અને સાથે સાથે આ સિસ્ટમ રૂફ ટોપ, ઓપન ગ્રાઉન્ડ પર લગાવી શકાય અને જરૂર પડે તો તેને છુટી પાડીને બીજે લઈ જઈ શકાય તેવી હોવી જોઈએ.

## કોરોનાની ગાઈડલાઈનની ઉપેક્ષાથી લોકડાઉનના સંકેત

**લોકો હિલ સ્ટેશન પર સોશિયલ ડિસ્ટંન્સિંગ નથી પાળતા માસ્ક પહેરતા નથી અને બજારોમાં ખૂબજ ભિડ થાય છે**

નવી દિલ્હી, તા. ૬

કોરોનાને લઈને સરકારે લોકોને ફરી ચેતવ્યા છે. તેમણે કહ્યું કે, જે રીતે લોકો કોઈ સાવચેતી



વગર મોજ-મસ્તી કરવા માટે હિલ સ્ટેશનો પર નિકળી પડ્યા છે, તે યોગ્ય નથી. તે ન સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરી રહ્યાં છે અને માસ્ક પણ લગાવી રહ્યાં નથી. બજારોમાં ફરી ભીડ જોવા મળી રહી છે. આ ખુબ ખતરનાક છે.

સ્વાસ્થ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે મનાલી (હિમાચલ પ્રદેશ), મસૂરી (ઉત્તરાખંડ), સદર બજાર (દિલ્હી), શિમલા (હિમાચલ પ્રદેશ), લક્ષ્મી નગર (દિલ્હી), દાદર માર્કેટની તસવીરો દેખાડી છે. જ્યાં બજારોમાં ભીડ જોવા મળી રહી છે. તો કોરોના પ્રોટોકોલનું પાલન થઈ રહ્યું નથી. તેમણે કહ્યું કે, કોરોનાની બીજી લહેર ધીમી પડી છે, પરંતુ હજુ લોકોએ કોરોનાના પ્રોટોકોલનું પાલન કરવાનું છે. હિલ સ્ટેશનોની યાત્રા કરનારા લોકો બેદરકારી દાખવી રહ્યાં છે. તે કોવિડ એપ્રોપિએટ બિહેવિયર (કોરોનાનો યોગ્ય વ્યવહાર) નું પાલન કરી રહ્યાં નથી. જો પ્રોટોકોલનું પાલન કરવામાં નહીં આવે તો પ્રતિબંધોમાં આપેલી છૂટ ફરી રદ થઈ શકે છે. સ્વાસ્થ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યુ કે, લોકોએ સાવધાની રાખવાની જરૂર છે. કોરોના ખતમ થયો નથી. દેશ જોઈ ચુક્યો છે કે કઈ રીતે વાયરસ

**કોરોનાને લઈને ફરી એક વખત સરકારની ચેતવણી**

ફેલાય છે. જો બેદરકારી રાખી તો મળેલી સફળતા પર પાણી ફરી જશે. દેશમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો થયો છે. પોઝિટિવિટી રેટ પણ ઘટી રહ્યો છે. દેશમાં છેલ્લા ૯ દિવસથી સતત ૫૦ હજારથી ઓછા કેસ સામે આવી રહ્યાં છે. દેશમાં કોરોના વાયરસના ૮૦ ટકા નવા કેસ ૯૦ જિલ્લામાંથી આવે છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, કેરલ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, કર્ણાટકમાં વધુ કેસ નોંધાય રહ્યાં છે. અગ્રવાલે કહ્યુ કે, એક્ટિવ કેસ ૫ લાખથી ઓછા છે.

